# પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના (પ્ર.સુ.બી.યો.)

## દાવાનું ફોર્મ

આ ફોર્મ રજૂ કરવામાં કોઇ જવારદારીનો સ્વીકાર કરતા નથી અકસ્માતના ૩૦ દિવસની અંદર દાવો કરવો પડે તેમ હોય ત્યાં વીમાદારો બેન્ક ખાતું ધરાવતા હોય તે શાખાને ફોર્મ પુરૂ કરીને રજૂ કરવું :

| | | |
|---|---|---|
| ૦૧ | ખાતાદારનું નામ (વીમાદાર વ્યકિત) | |
| ૦૨ | વીમાદારનું પુરૂ સરનામું | |
| ૦૩ | બેન્કની શાખાનું નામ અને સરનામું | |
| ૦૪ | બચત બેન્ક ખાતા નંબર | |
| ૦૫ | વીમાદારના સંપર્કની વિગત જણાવો (ઉપલબ્ધ હોય તો)<br>મોબાઇલ નંબર :<br>ફોન નંબર :<br>ઇ-મેઇલ સરનામું :<br>આધાર નંબર, હોય તો : | |
| ૦૬ | નોમિનીની વિગત (વીમાદારના મૃત્યુ બાબતમાં)<br>નામ :<br>મોબાઇલ / ફોન નંબર :<br>ઇ-મેઇલ સરનામું :<br>બેન્કના ખાતાની વિગતો (ઇલેકટ્રોનિકલ તબદીલી માટે)<br>આધાર નંબર, ઉપલબ્ધ હોય તો : | |
| ૦૭ | અકસ્માતની વિગતો :<br>(ક) બનાવ બન્યાના દિવસ, તારીખ અને સમય<br>(બ) બનાવ કયાં બન્યો ?<br>(ગ) અકસ્માતનો પ્રકાર<br>(ઘ) મૃત્યુનું કારણ / ઇજાની વિગતો | |
| ૦૮ | હોસ્પિટલ / સારવાર કરતા ડોકટરોના નામ, સરનામા અને સંપર્કની વિગતો | |
| ૦૯ | કંપનીના તબીબી અધિકારી અથવા બીજા અધિકારી વીમાદારની મુલાકાત કયાં અને કયારે લઇ શકે તે જણાવો. | |
| ૧૦ | દાવાના સમર્થનમાં રજૂ કરવાના દસ્તાવેજ :<br>(ક) મૃત્યુ બાબતમાં મૂળ એફ.આઇ.આર / પંચનામા શબ પરીક્ષણ અહેવાલ અને મૃત્યુ પ્રમાણપત્ર<br>(ખ) કાયમી અશકતતા બાબતમાં : મૂળ એફ.આઇ.આર. / પંચનામા અને સિવિલ સર્જનનું અશકતતા પ્રમાણપત્ર<br>(ગ) ડિસ્ચાર્જ કર્યાનું વાઉચર | |

**એકરાર** : હું આથી એકરાર કરૂ છું અને જણાવું છું કે ઉપર જણાવેલી વિગતો દરેક રીતે સાચી અને પૂરી છે. હું કબુલ કરૂ છું કે ઉપર જણાવેલી કહેલ વિગત ખોટી અથવા અસત્ય જણાય, તો અને તેમાં કોઇ બાબત દબાવી કે છુપાવી રાખી હોય, તો મારો વળતરનો હકક જપ્ત થશે હું એ પણ એકરાર કરૂ છું કે પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના નીચે બીજા કોઇ કવચ મારફત ઉપરના અકસ્માત અંગે પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના નીચે મેં કોઇ દાવો કર્યો નથી.

**તારીખ :** **દાવાદાર / નોમિનીની સહી.**

**કાર્યાલયના ઉપયોગ માટે**

| | | | |
|---|---|---|---|
| પોલિસી નંબર: | | દાવા નંબર : | |

પ્રમાણિત કરવામાં આવે છે કે બેન્ક ખાતા અને નોમિનીને લગતી માહિતી ખરાઇ કરવામાં આવી છે પ્રીમીયમ બેન્કના ખાતામાં તા. ............ ના રોજ ઉધારીને વીમાકર્તાને તા. ................ ના રોજ મોકલવામાં આવ્યુ હતું.

બેન્કના અધિકૃત અધિકારીની સહી.

# <u>પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના</u>

## <u>ડિસ્ચાર્જ વાઉચર</u>

દાવા નંબર : (બેન્કે ભરવાનો) પોલીસી નંબર :

બેન્ક / શાખાનું નામ : વીમાદારનું નામ :

વીમાદારનો બેન્ક ખાતા નંબર : તારીખ :

ઉપર જણાવેલો મારો દાવો મંજૂર કરવાની વિચારણામાં, તા. .................... થી તા. ..................... સુધી કાયદેસર પોલિસી નંબર : ........................................ નીચે આવરી લેવાયેલ તારીખે ................... (નુકશાનની તારીખ) ઉપસ્થિત થતા મારા / અમારા દાવાની સંપૂર્ણ અને આખરી પતાવટમાંથી રૂા. મંજુર કરેલ ચોખ્ખા દાવાની રકમ હું / અમે આથી ................................................................ (વિમા કંપનીનું નામ) પાસેથી સ્વીકારૂ છું / સ્વીકારીએ છીએ.

હું / અમે આથી સ્વેચ્છાએ ઉકત નુકશાન / અકસ્માત બાબતમાં સીધા / પરોક્ષ રીતે ઉભા થતા મારા / અમારા દાવાના હાલના અથવા ભવિષ્યમાં ઉભા થતા મારા / અમારા હાલના અથવા ભવિષ્યમાં થનાર દાવાની સંપૂર્ણ અને આખરી પતાવટમાં ડિસ્ચાર્જ રસીદ આપીએ છીએ. હું / અમે આથી ઉપરના નુકશાન / હાનિ બાબતમાં કંપની અને મારા / અમારા હક અને ઉપાયો અંગે પ્રતિસ્થાપિત કરૂ છું / કરીએ છીએ.

(એક રૂપિયાની રેવન્યુ ટીકીટ)

નોમિની / વીમાદારની સહી.

પુરૂ નામ :

સરનામું :

નોમિનીનો ખાતા નંબર :

<u>સાક્ષી</u> :
પુરૂ નામ :

સરનામું :

બેન્કના અધિકૃત અધિકારીની સાચી સહી

બેન્કનું નામ અને શાખા

સરનામું :

# પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના

## દાવાની કાર્યપદ્ધતિ

(૧) અકસ્માતનો બનાવ બન્યા બાદ તરત જ પોલિસી નીચે ઉભો થતો દાવા અંગે વીમાદાર અથવા નોમિની (વીમાદારના મૃત્યુ બાબતમાં). વીમાદાર વ્યકિતએ બેન્ક ખાતુ રાખ્યુ હોય અને જયાંથી પોલિસી માટેનું પ્રીમીયમ આપોઆપ ઉધારાતું હોય તે બેન્કની શાખાનો સંપર્ક સાધશો અને યોગ્ય રીતે પૂરૂ ભરેલું ફોર્મ રજૂ કરવું.

(૨) દાવાનું કોઇ ફોર્મ વીમા કંપનીની શાખાઓ, હોસ્પિટલ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, (બી.સી.) વીમા એજન્ટ વગેરે જેવા બીજા બધા મુકરર સ્રોત અથવા બેન્કની ઉપરની શાખા તરફથી તેમજ મુકરર વેબસાઇટ પરથી મેળવી શકાશે. સંબંધિત વીમા કંપનીઓ આવા બધાં સ્થળોએ ફોર્મ વ્યાપક પ્રમાણમાં ઉપલબ્ધ થાય તેની ખાતરી કરશો. આ ફોર્મ માગતી કોઇપણ વ્યકિતને ફોર્મ પૂરા પાડવાની ના પાડશે નહિ.

(૩) દાવાનું ફોર્મ વીમાદાર અથવા યથાપ્રસંગ નોમિનીએ પુરૂ કરીને, આ પોલિસી નીચે દાવો ઉભો કરતા અકસ્માતના બનાવના ૩૦ દિવસની અંદર શકયત: ઉપરની બેન્ક શાખાને રજૂ કરવું.

(૪) વીમાદારના મૃત્યુ બાબતમાં, દાવાના ફોર્મના સમર્થનમાં મૂળ એફ.આઇ.આર / પંચનામા, શબપરીક્ષણ અહેવાલ અને મૃત્યુ પ્રમાણપત્ર રજૂ કરવું અને કાયમી અશકતતાની બાબતમાં મૂળ એફ.આઇ.આર / પંચનામા અને સિવિલ સર્જને આપેલું અશકતના પ્રમાણપત્ર રજૂ કરવું. બીડેલા ફોર્મેટમાં ડિસ્ચાર્જ પ્રમાણપત્ર પણ દાવાદાર / નોમિનીએ રજૂ કરવું.

(૫) બેન્કના અધિકૃત અધિકારી ખાતું / આપોઆપ ઉધારાની વિગતો તપાસીને અને ખાતાની વિગતોની, નોમિનેશન, વીમાકર્તાને પ્રીમીયમ ઉધાર્યાની અને વીમાકર્તાને તે મોકલ્યાની ખરાઇ કરશે અને દાવાના ફોર્મમાં આપેલી માહિતીની ખરાઇ પ્રમાણિત કરીને કેસને દાવો રજૂ કર્યાના ૩૦ દિવસની અંદર સંબંધિત વીમા કંપનીને કેસ મોકલશે.

(૬) વીમાકર્તા ખરાઇ કરીને વીમાદાર માટેનું પ્રીમીયમ મોકલાઇ ગયું હોવાનું સમર્થન મેળવશે અને માસ્ટર પોલિસીમાં વીમાદાર વ્યકિતઓની યાદીમાં વીમાદારના નામનો સમાવેશ થયો હોવાની ખાતરી કરશે.

(૭) બેન્ક માટે માસ્ટર પોલિસી આપનાર વીમા કંપની દાવાની કાર્યવાહી તે બેન્કમાંથી મળ્યા તારીખના ૩૦ દિવસની અંદર કરવો.

(૮) મળવાપાત્ર દાવાની રકમ યથાપ્રસંગ વીમાદાર અથવા નોમિનીના બેન્ક ખાતામાં મોકલી આપવામાં આવશે.

(૯) જે વીમાદારે તેના નોમિનીનું નામ આપ્યુ ન હોય તેવા વીમાદારના મૃત્યુ બાબતમાં, સક્ષમ અદાલત / સત્તાધિકારી તરફથી વારસાનું પ્રમાણપત્ર / કાયદેસર વારસનું પ્રમાણપત્ર રજૂ કર્યે વીમાદારના કાયદેસરના વારસોને ચૂકવવામાં આવશે.

(૧૦) બેન્કે વીમા કંપનીને યોગ્ય રીતે ભરેલું દાવા ફોર્મ મોકલવાની અધિકતમ સમય-મર્યાદા ત્રીસ દિવસ છે અને દાવો મંજૂર કરી તેની ચુકવણી માટે વીમા કંપનીની અધિકતમ સમય-મર્યાદા પણ ત્રીસ દિવસ છે.